RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 182* Date: 30.04.2020 * Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### છેલ્લા ૨૪ કલાકમાં ૭૩ના મોત અને ૧૮૭૯ના નવા પોઝિટિવ કેસ

# કોરોના મહા સંકટ: હવે દેશમાં દર કલાકે ત્રણના મોત..!

*ન્યુ દિલ્હી,તા.૨૯*

દુનિયા આખીમાં ભારે હાહાકાર મચાવનાર કોરોના વાયરસને રોકવા ભારતમાં ૩ મે પછી વધુ એક લોકડાઉનની જાહેરાત વચ્ચે દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૭૩ દર્દીઓના મોત થયા છે. નવા ૧૮૯૩ કેસો નોંધાયા છે. ભારતમાં હવે કોરોના સંક્રમણના કેસો વધીને ૩૧૩૩૨ થઈ ગયા છે. મહારાષ્ટ્રમાં ૯૩૧૮ જયારે તમિલનાડુમાં ૨૦૫૮ કોરોનાના દર્દી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે કુલ કેસોમાંથી ૨૨૬૨૯ સક્રિય કેસ છે જયારે ૭૬૯૬ લોકો સ્વસ્થ થયા છે. કુલ મોતનો આંકડો ૧૦૦૭ પર પહોંચી ગયો છે. કોરોના વાયરસને જોતા હાલ દેશમાં ૩ મે સુધી લૉકડાઉન લંબાવવામાં આવ્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલયે એમ પણ જાહેર કર્યું છે કે કોરોનાના દર્દીઓના સાજા થવાની ટકાવારી ૨૩ ટકા થઈ, ૧૭ દિવસથી ૨૮ જિલ્લામાં એક પણ કેસ નથી.

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩૧ હજાર ૫૮૭ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૩ મોત અને ૧૮૯૭ નવા કેસ સામે આવ્યા છે. ભારતમાં મોતના કેસોમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે.

બુધવારે પશ્ચિમ બંગાળમાં ૨૮, રાજસ્થાનમાં ૧૯ અને ઓરિસ્સામાં ૧ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ પહેલા મંગળવારે કોરોના સંક્રમણના એક દિવસમાં સૌથી વધારે ૧૯૦૨ કેસ આવ્યા હતા. અત્યાર સુધી ૭૭૪૭ દર્દી એટલે કે લગભગ



૨૫% દર્દી સાજા થયા છે. ૯ રાજયોમાં સંક્રમિતોની સંખ્યા ૧૦૦૦ કરતા વધારે છે. દર્દીઓના સાજા થવાના કેસમાં તેલંગાણાની સ્થિતિ સૌથી સારી છે. અહીંયા ૧૦૦૯ સંક્રમિતોમાંથી ૩૭૪, એટલે કે લગભદ ૩૭% સાજા થઈ ચુક્યા છે. ત્યારબાદ ૩૩% સાથે દિલ્હી બીજા નંબરે છે. ૧૦૦૦થી ઓછા દર્દી વાળા રાજયોમાં કેરળમાં ૭૪% અને હરિયામામાં ૭૩% દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

પંજાબમાં કોરોના વાયરસના ૧૬ નવા કેસ નોંધાયા છે. પંજાબના વિશેષ મુખ્ય સચિવના જણાવ્યા મુજબ, આ નવા કેસોમાં નાંદેડથી પરત ફરનારા ૧૨ યાત્રાળુઓનો સમાવેશ છે. સંપર્કમાં આવતા લોકોને ક્યુરેન્ટેઇન કરવામાં આવી રહ્યા છે.

ઉત્તર પ્રદેશના આગ્રામાં કોરોના વાયરસના ૨૧ નવા કેસ મળી આવ્યા છે. આ સાથે, આંકડો અહીં ૪૨૫ પર પહોંચી ગયો છે. આમાંથી ૧૧ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે ૬૯ લોકોને રજા આપવામાં આવી છે.

હૈદરાબાદમાં અંબરપેટ કન્ટેનમેન્ટ ઝોનની આસપાસનો વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે અને અહીં લોકોની અવરજવર બંધ કરી દેવામાં આવી છે. બિહારના બક્સરમાં કોરોના ચેપગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધી રહી છે. હવે ત્યાં ૧૨ નવા કોરોના દર્દીઓ મળી આવ્યા છે. આ સાથે બિહારમાં ચેપગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૩૭૮ પર પહોંચી ગઈ છે

ખાડી દેશોમાં ફસાયેલા ભારતીયોને બહાર કાઢવાની તૈયારી શરૂ થઇ હોવાનું જણાવીને સૂત્રોએ કહ્યું કે, કોરોના મહામારીના કારણે ખાડી દેશમાં લાખો ભારતીય ફસાયા છે. સરકારી સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે, ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે નૌસેના તૈયાર છે. જો જરૂર પડશે તો આ અભિયાનમાં લેન્ડીંગ પ્લેટફોર્મ યુદ્ધપોત INS જલાશ્વ અને મગર શ્રેણીના બે જંગી જહાજને મોકલવામાં આવશે. સરકારે તેમને તૈયાર રહેવા માટે કહ્યું છે. સૂત્રોએ એવું પણ જણાવ્યું કે, INS જલાશ્વ હાલ વિશાખાપટ્ટનમથી બહાર છે, સાથે જ મગર શ્રેણીના જંગી જહાજ પશ્ચિમી સમુદ્ર તટ પર છે.

ઈરાન, ઈરાક, કુવૈત, સાઉદી અરબ, બહરીન, કતાર, UAE અને ઓમાન સહિત ફારસના ખાડી કિનારા વાળા દેશોને ખાડી દેશ કહેવામાં આવે છે. અહીંયા લગભગ એક કરોડ ભારતીય મજૂરો છએ. જેમાંથી મોટાભાગના તેલ કંપનીઓમાં છે અથવા કંસ્ટ્રક્શનનું કામ કરે છે.

દરમ્યાનમાં નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી-NIA મુંબઈ બ્રાન્ચના ૧૫ અધિકારીઓનો કોરોના ટેસ્ટ નેગેટિવ આવતાં તંત્રે રાહતના લાગણી અનુભવી છે. દિલ્હીની આઝાદપુર મંડીમાં ૧૧ વેપારી કોરોના પોઝિટિવ બહાર આવતાં ઘણી દુકાનો સીલ કરી દેવામાં આવી છે.

ઉત્તરાખંડના હરિદ્વારના એક ગામમાં કોવિડનો સર્વે કરવા પહોંચેલી મેડિકલ ટીમ સાથે મારઝૂડ કરાઈ હોવાના અહેવાલ છે. ફરીદાબાદમાં આજે બપોરે ૧૨ વાગ્યા પછી દિલ્હીમાં કામ કરનારા ડોક્ટર્સ, બેક્ર કર્મચારી અને પોલીસ વાળા પણ એન્ટ્રી નહીં કરી શકે, એવા આદેશો બહાર પાડવામાં આવ્યાં છે. તો બીજી તરફ ઝારખંડની સૌથી મોટી કોવિડ હોસ્પિટલના ડિરેક્ટરે રાજીનામું આપી દીધું છે.પવિત્ર યાત્રાધામ કેદારનાથ મંદિરના કપાટ ખોલવામાં આવ્યા છે જો કે લોકડાઉનના કારણે ભક્તોને જવાની મંજૂરી નહીં અપાય.

# બોલીવુડના દિગ્ગજ અભિનેતા ઈરફાન ખાનનું ૫૪ વર્ષની વયે નિધન

મુંબઈ,તા.૨૯

બોલિવૂડ એક્ટર ઈરફાન ખાનનું બુધવારે દુખદ અવસાન થયું છે. અભિનેતા ઈરફાન ખાનને મંગળવારે પેટમાં ચેપ બાદ તેને શહેરની એક હોસ્પિટલના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો. મંગળવારે આ માહિતી આપતાં તેમના પ્રવક્તાએ કહ્યું કે ૫૪ વર્ષીય અભિનેતાને કોકિલાબેન ધીરૂભાઇ અંબાણી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ખાનના કેન્સરની સારવાર ૨૦૧૮ માં થઈ હતી. દિગ્દર્શક શૂજિત સરકારે ઈરફાન ખાનના મોતની જાણ આપી છે. તેણે ટ્વિટ કરીને લખ્યું- મારો પ્રિય મિત્ર ઈરફાન. તમે લડ્યા અને લડ્યા અને લડ્યા મને હંમેશાં તમારા ઉપર ગર્વ રહેશે. આપણે ફરી મળીશું.



સુતાપા અને બાબિલ પ્રત્યેની મારી સંવેદના. તમે પણ લડ્યા હતા. સુતાપા તું આ લડતમાં જે આપી શકતી હતી તે બધું તે આપ્યું. ઓમ શાંતિ. ઈરફાન ખાનને સલામ. ઈરફાન ખાનની ૯૫ વર્ષની માતા સઈદા બેગમનું ત્રણ દિવસ પહેલા જયપુરમાં અવસાન થયું હતું. કોરોના વાયરસને કારણે લાદવામાં આવેલા લોકડાઉનને કારણે અભિનેતા તેની માતાના અંતિમ સંસ્કારમાં ભાગ લઈ શક્યો ન હતો. અભિનેતા કેન્સરમાંથી સ્વસ્થ થયા પછી પરત ફર્યા બાદ ૨૦૧૯ માં ફિલ્મ "ઇંગ્લિશ મીડિયમ"નું શૂટિંગ કર્યુ હતુ. બોલીવુડના દિગ્ગજ અભિનેતા ઈરફાન ખાન ન્યૂરોએંડોક્રાઈન ટ્યૂમર સામે જંગ હારી ગયાં છે. ૫૪ વર્ષની ઉંમરે ઈરફાન ખાને દુનિયાને અલવિદા કહ્યું છે. ઈરફાન ખાનની તબિયત લથડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં.

ઈરફાન ખાનની ૯૫ વર્ષની માતા સઈદા બેગમનું ત્રણ દિવસ પહેલા જયપુરમાં અવસાન થયું

બોલિવૂડ સ્ટાર ઈરફાન ખાનને હાલમાં મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રિપોર્ટ મુજબ ઈરફાન ખાન આઈસીયૂમાં એડમિટ છે.. સૂત્રો પ્રમાણે મંગળવારે ઈરફાન બાથરૂમમાં પડી ગયા હતા.. ત્યારબાદ તેમણે શ્વાસ લેવામાં તકલીફ અને નબળાઈની ફરિયાદ કરી હતી. જે બાદ ઈરફાનને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા.. જો કે ઈરફાનને શું થયું અને શા માટે તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે તેની પરિવાર તરફથી કોઈ સત્તાવાર જાણકારી આપવામાં આવી નથી.. ઈરફાન ઘણા સમયથી બિમાર રહેતા હતા. ૫૩ વર્ષીય ઈરફાન ખાને માર્ચ, ૨૦૧૮માં ખુલાસો કર્યો હતો કે તેમને ન્યૂરોએન્ડોક્રાઈન ટ્યૂમર છે, જેની સારવાર માટે તે લંડન ગયો હતો.

અમિતાભ બચ્ચનથી લઈ અજય દેવગન સહિતના સ્ટાર્સે નિધન પર શોક વ્યક્ત કર્યો

ઈરફાનના ખાનના નિધન પર બોલિવૂડ સેલેબ્સે સોશિયલ મીડિયામાં શોક વ્યક્ત કર્યો હતો.

અમિતાભ બચ્ચન, અજય દેવગન, શબાના આઝમી, સોનમ કપૂર, શૂજીત સરકાર, મિનિ માથુર, નીલેશ મિશ્રા, ક્રિકેટર હેમાંગ બદાની, ભૂમિ પેડનેકર, પરિણીતી ચોપરા, સંજય સૂરી, નેહા ધૂપિયા સહિત ઘણાં સેલેબ્સે સોશિયલ મીડિયામાં ઊંડું દુઃખ વ્યક્ત કર્યું હતું. અમિતાભ બચ્ચને કહ્યું હતું, હમણાં જ ઈરફાન ખાનના નિધનના ન્યૂઝ મળ્યાં, આ દુઃખદ ન્યૂઝ છે. એક અવિશ્વસનીય પ્રતિભા, એક મહાન સહયોગી, સિનેમાની દુનિયાના જબરજસ્ત યોગદાનકર્તા, ખાલી જગ્યા બનાવી દીધી...આપણને બહુ જલ્દીથી છોડીને ગયા...પ્રાર્થના તથા દુઆ...

# લૉકડાઉન વચ્ચે કેદારનાથના કપાટ ખૂલ્યા: પૂજારી સહિત ૧૬ લોકો હાજર રહ્યા

કેદારનાથ,તા.૨૯

કેદારનાથના કપાટ બુધવારે ખોલવામાં આવ્યા હતા. કોરોના મહામારી વચ્ચે આ પ્રથમ વખત છે જયારે ભક્તોની હાજરી વગર કપાટ ખુલ્યા છે. બુધવારે સવારે ૬ કલાક ૧૦ મિનિટ પર ભગવાન શ્રી કેદારનાથના કપાટ ૬ મહિના માટે સંપૂર્ણ વિશ્વની સુખ સમૃદ્ધિ અને આરોગ્યતાની કામનાની સાથે ખોલી દેવામાં આવ્યા છે. વિશ્વ અને રાષ્ટ્રના કલ્યાણ માટે ભગવાન કેદારનાથની પ્રથમ પૂજા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામથી સંપન્ન થઈ હતી. લૉકડાઉન હોવાને કારણે આજે (બુધવાર)ની પૂજામાં મુખ્ય પુજારી સહિત માત્ર ૧૬ લોકો સામેલ થયા હતા.



સામાન્ય રીતે કપાટ ખોલવાના દિવ્ય ક્ષણના સાક્ષી બનવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને સાધુ સંત કેદાર ધામ પહોંચે છે. કોરોના મહામારીને કારણે તંત્રએ ભક્તોને મંદિરમાં દર્શન કરવાની મંજૂરી આપી નથી. આ વખતે સીમિત સંખ્યામાં કર્મચારી, પુજારી અને વેદપાઠી જ કેદારધામમાં હાજર રહેશે. મંદિરમાં માત્ર ભોગ, બપોરનો શ્રૃંગાર અને સંધ્યા આરતી થશે. કેદારનાથ મંદિરને ૧૦ ક્વિન્ટલ ફૂલોથી ભવ્ય રીતે શણગારવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી ત્રિવેન્દ્ર સિંહ રાવતે પણ શ્રદ્ધાળુઓને બાબા કેદારનાથ ધામના કપાટ ખુલવાની શુભેચ્છા આપી છે. તેમણે પોતાના સંદેશમાં કહ્યું, બધા શ્રદ્ધાળુઓને શુભકામનાઓ. તમારો મનોરથ પૂર્ણ થાય, બાબા કેદારનાથના આશીષ બધા પર જળવાઈ રહે, આવી ભગવાન કેદારનાથને કામના કરુ છું.

# વ્હાઈટ હાઉસે ટ્વિટર હેન્ડલ પરથી મોદી સહિત છ ટ્વિટર હેન્ડલને અનફોલો કર્યા

વૉશિંગ્ટન,તા.૨૯

કોરોના વાયરસ મહાસંકટની વચ્ચે જયારે યુ.એસ. હાઈડ્રોક્સીક્લોરોક્વિન દવાની જરૂર હતી ત્યારે ભારતે આગળ આવી તેમની મદદ કરી હતી. આ વચ્ચે થોડાક દિવસ બાદ વ્હાઈટ હાઉસે સોશિયલ મીડિયા પર વડાપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત ભારતના ૬ ટ્વિટર હેન્ડલને ફોલો કરવાનું શરૂ કર્યું હતું. પરંતુ હવે થોડાક દિવસ બાદ વ્હાઈટ હાઉસે એક વખત ફરી આ દરેકને અનફોલો કરી દીધા છે.

ભારતે જયારે કોરોના વાયરસથી લડત માટે હાઈડ્રોક્સીક્લોરોક્વીન આપવાનો નિર્ણય લીધો તે બાદ ૧૦ એપ્રિલે વ્હાઈટ હાઉસના ટ્વિટર હેન્ડલે અનેક ભારતીય ટ્વિટર હેન્ડલને ફોલો કર્યા.

તેમા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વડાપ્રધાન કાર્યાલય, રાષ્ટ્રપતિ ભવન, અમેરિકામાં ભારતીય દૂતાવાસ અને ભારતમાં અમેરિકી દૂતાવાસને ફોલા કરવામાં આવ્યા છે. તે સિવાય ભારતમાં અમેરિકાના રાજદૂત કેન જસ્ટરને પણ ફોલો કર્યા હતા. આ દરેકની સાથે વ્હાઈટ હાઉસ દ્વારા ફોલો કરવામાં આવેલા લોકોની સંખ્યા ૧૯ થઇ ગઇ હતી. જેમા દરેક વિદેશી હેન્ડલ ભારતથી સંબંધ રાખતા હતા.

હવે થોડાક દિવસ બાદ વ્હાઈટ હાઉસે ફરીથી આ દરેક ટ્વિટર હેન્ડલને અનફોલો કરી દીધા છે અને ફરીથી માત્ર અમેરિકી પ્રશાસન ડોનાલ્ડ ટ્રમ્પથી જોડાયેલા ટ્વિટર હેન્ડલને ફોલો કરવાનું શરૂ કરી દીધું છે. વ્હાઈટ હાઉસ હવે માત્ર ૧૩ ટ્વિટર હેન્ડલને ફોલો કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર તેને લઈને અનેક ચર્ચાઓ અને અટકળો શરૂ થઈ ગઈ છે.

# કોરોના સંકટ: ૨૧૦ દેશોમાં ૩૧ લાખ સંક્રમિત, ૨૪ કલાકમાં ૬૩૦૦ લોકોએ જીવ ગુમાવ્યાં

*ન્યુ દિલ્હી,તા.૨૯*

વિશ્વના ૨૧૦ દેશોમાં કોરોના વાયરસ મહામારીને કારણે મૃત્યુઆંક બે લાખ ૧૭ હજારને વટાવી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં, ૭૬,૨૮૬ નવા કોરોના કેસ નોંધાયા છે. જયારે મરનારા લોકોની સંખ્યામાં ૬,૩૫૧ નો વધારો થયો છે. વર્લ્ડમીટર અનુસાર, અત્યાર સુધીમાં ૩૧ લાખ ૩૬ હજાર ૨૩૨ લોકોને કોરોના વાયરસનો ચેપ લાગ્યો છે. તેમાંથી ૨ લાખ ૧૭ હજાર ૭૯૯ લોકોનાં મોત નીપજ્યાં છે. જો કે, ૯૫૩,૨૪૫ લોકો પણ ચેપ મુક્ત બની ગયા છે.અમેરિકામાં કુલ ત્રીજા ભાગના કેસ નોંધાયા છે. અને લગભગ ચોથા ભાગના મૃત્યુ અમેરિકામાં થયા છે. કોવિડ -૧૯ સાથે યુ.એસ પછી સ્પેન બીજા ક્રમે સૌથી અસરગ્રસ્ત દેશ છે, જયાં કુલ ૨૨૯,૪૨૨ લોકો સંક્રમિત અને ૨૩,૫૨૧ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. મૃત્યુના મામલે ઈટાલી બીજા ક્રમે છે. ઈટાલીમાં અત્યાર સુધીમાં ૨૬,૯૭૭ લોકોનાં મોત થયાં છે, જયારે ચેપગ્રસ્ત લોકોની કુલ સંખ્યા ૧૯૯,૪૧૪ છે. આ પછી ફ્રાન્સ, જર્મની, યુકે, તુર્કી, ઈરાન, ચીન, રશિયા, બ્રાઝિલ, કેનેડા જેવા દેશોમાં સૌથી વધુ અસર થઈ છે.

### કુલ સંક્રમિતોનો આંકડો ૧૦ લાખને પાર પહોંચ્યો

# અમેરિકામાં ૨૪ કલાકમાં કોરોનાથી ૨૨૦૭ના મોત

ન્યૂયોર્ક,તા.૨૯

કોરોના વાયરસની મહામારીનો કેર અમેરિકા પર સતત વધી રહ્યો છે. આ વાયરસને કારણે મોતોનો આંકડો અહીં ૬૦ હજારની નજીક પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસને કારણે અમેરિકામાં ૨૨૦૭ લોકોના મૃત્યુ થયા છે. છેલ્લા કેટલાક દિવસોમાં આવેલા મોતના આંકડામાં ઘટાડા બાદ એકવાર ફરી આ નંબરમાં ઉછાળો થયો છે.

જોન હોપકિન્સ યુનિવર્સિટી અવુસાર, અમેરિકામાં અત્યાર સુધી કોરોના વાયરસની ઝપેટમાં ૧૦ લાખથી વધુ લોકો આવી ચુક્યા છે, જે કોઈપણ દેશમાં સૌથી વધુ છે. અહીં કુલ ૧૦ લાખ, ૧૨ હજાર ૩૯૯ લોકો અત્યાર સુધી કોરોનાથી સંક્રમિત થયા છે, જયારે ૫૮ હજારથી વધુના મૃત્યુ થયા છે.

અમેરિકામાં અત્યાર સુધી ૫૮ લાખથી વધુ લોકોનો કોરોના વાયરસનો ટેસ્ટ થઈ ચુક્યો છે. મહત્વનું છે કે પાછલા રવિવાર અને સોમવારે અમેરિકામાં મોતનો આંકડો ઘટીને ૧૦૦૦ અને ૧૨૦૦ આસપાસ આવી ગયો હતો, ત્યારે આશા વ્યક્ત કરવામાં આવી કે અમેરિકામાં મોતની ગતિ ધીમી થઈ રહી છે. પરંતુ એકવાર ફરી મોટો ઉછાળો આવ્યો છે.

સિંગાપુરના સંશોધનકર્તાઓનો દાવો, ૩૧ જુલાઈ સુધી ભારતમાં સંપૂર્ણ રીતે સમાપ્ત થઈ જશે કોરોના

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે થોડા દિવસ પહેલા તે વાતનો ઉલ્લેખ કર્યો હતો કે અમેરિકામાં કોરોના વાયરસને કારણે ૭૦ હજાર સુધી મોત થઈ શકે છે. પરંતુ નિષ્ણાંતોનું માનવું છે કે જે ગતિથી આંકડો અમેરિકામાં વધી રહ્યો છે અને આ મહામારીની કોઈ સારવાર આવી રહી નથી, તેવામાં આ આંકડાનો રોકવો ખુબ મુશ્કેલ લાગી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે સમગ્ર વિશ્વની વાત કરીએ તો અત્યાર સુધી કોરોના વાયરસની ઝપેટમાં ૩૧ લાખથી વધુ લોકો આવી ચુક્યા છે. જયારે ૨ લાખ ૧૭ હજારથી વધુ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે.

# પડે તેવી દેવાશે રૂપાણી સરકાર.ભાગ-૨:પ્રદીપ રાવલ

ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક બ્રેકિંગ ન્યુઝ

અમદાવાદ માહિતી ખાતું પણ કોરોનાની ઝપેટમાં આજે અમદાવાદ માહિતી ખાતાનાં વધુ ૪ કર્મીને કોરોના સિનિયર સબ એડિટર, કેમેરામેન, ટ્રાન્સલેટરનો ટેસ્ટ પોઝિટિવ.માહિતી ખાતાનાં કુલ ૫ અધિકારીને થયો કોરોના પોઝિટિવ ...સરકારી કર્મીઓને કોરોના થતાં સરકારી વિભાગમાં ફફડાટ...ગાંધીનગર સ્વર્ણિમ ભવન ખાતે પણ માહિતી ખાતાના ઉચ્ચ અધિકારીઓ સહિત ૪ થી પાંચ માહિતી ખાતાના અધિકારીઓ,જિલ્લા માહિતી ખાતાના કેમેરામેને એડિટર. ટ્રાંસ્લેટર પણ છેલ્લા ૩૭ દિવસ થી કાયમ સવારે ૧૦:૩૦ ની આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવી મેડમ ની પ્રેસ. બપોરે ૨ વાગે સીએમઓ અશ્વિનીકુમાર અને ૪ વાગે ડીજીપી શિવાનંદ ઝા ની તેમજ સાંજે સાડા સાત વાગે આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવી મેડમ ની પ્રેસ માં પ્રિન્ટ તેમજ ઇલેક્ટ્રોનિક મીડિયા ના પત્રકારો.કેમેરા મેન.ન્યુઝ એંકર સાથે ઉપસ્થિત રહે છે .સ્વર્ણિમ ભવન ને અંદરથી તેમજ બહાર થી સેનેટાઈઝ કરાવેલ છે તેમજ માહિતી ખાતા દ્વારા પત્રકારો ની બેઠકો ને.માઇક ને પણ સેનેટાઇઝ કરાયા છે તેમજ આરોગ્ય પ્રદ હોમીઓ પેથી દવાઓ.ઉકાળા.ચાહ.કોફી.નાસ્તા પણ જોઈ ચકાસી ડિસ્ટન્સ જળવાય તે રીતે સ્વચ્છ વાતાવરણ પૂરું પાડવામાં આવે છે અને માસ્ક તેમજ સેનેટાઈઝર પણ ત્રણ થી ચાર જગ્યાએ મૂકવામાં આવે છે.આં હવે આમ હવે અમદાવાદ ના ૪,વડોદરાના ૭ અને ગાંધીનગર ના ૧ મળીને ઇલેક્ટ્રોનિક મીડિયા સાથે સંકળાયેલા કુલ ૧૧ પત્રકારોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે જ્યારે ઇમરાન ખેડાવાલા ની પ્રેસ માં ૧૪/૪ ના રોજ હાજર રહેલા માથી ૧૧ પત્રકારો ને સીસીટીવી ફૂટેજ ને આધારે ૨૦ એપ્રિલ ના રોજ સિવિલ ખાતે કોરોના ટેસ્ટ કરાવ્યા હતા જે બધાનો બીજે દિવસે રિપોર્ટ નેગેટીવ આવતા બધાને ૨૧/૪ થી ૧૪ દિવસ માટે હોમ કોરો ન્ટીન કરાયા છે.જેમાં મારો ન્યુઝ ઓફ ગાંધીનગર તંત્રી પ્રદીપ રાવલ નો પણ સમાવેશ થાય છે.ગુજરાત ના મુખ્યમંત્રી કાર્યાલય ની ગંભીર ભૂલનકે ઇમરાન ખેડા વાળા ને સીએમ મળવા બોલાવે પણ કોઈ પ્રાથમિક તેમના આરોગ્ય બાબતે પૂછતાછ નહીં કરેલ અને સાંજે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવતા સીએમ અને ડે.સીએમ.પ્રદીપ સિંહ ને બીજે દિવસે કોરો ન્ટિન કરેલા.જ્યારે આં બાબતે સીએઓ અશ્વિન કુમાર ને પત્રકાર યુનિયન તેમજ મે પોતે મેસેજ થી જાણ કરતા સફાળી જાગેલ પત્રકારો પ્રત્યે બેદરકારી માહિતી ખાતાની તેમજ સરકાર ની જાહેર ના થાય તે માટે છેક ૨૦/૪ ના રોજ સીસીટીવી ફૂટેજ ચેક કરીને ૧૧ પત્રકારો ને સેફ્ટી ખાતર ટેસ્ટ કરાવ્યા હતા જે નેગેટિવ આવતા સરકારે નિરાંત નો દમ લીધો હતો અને બે દિવસ પહેલા ઇમરાન ખેડા વાળા ને પણ બીજીવાર નો રિપોર્ટ કઢાવતા તે પણ નેગેટિવ આવતા તેમને પણ હોસ્પિટલ માંથી રજા અપાયેલ હતી.આં સરકાર ની ગંભીર બેદરકારી ના ભોગ પત્રકારો ને પણ બનવું પડ્યું પણ હવે તો કુલ ૧૧ પત્રકાર તેમજ માહિતી ખાતાના ૫ કર્મચારી ને પોઝિટિવ આવ્યા છે. પત્રકારો બાબતે હજુ સુધી સરકારે કોઈ પણ જાતનું રાહત પેકેજ જાહેર કર્યું નથી કે કોઈપણ ગાઈડ લાઈન નથી.હરિયાણા સરકારે ૧૫ લાખ નું પેકેજ જાહેર કર્યું છે.અમદાવાદ ના સ્થાનિક તેમજ સચિવાલય કવરેજ કરતા તેમના શેઠિયા ઓ ને નડે નહિ તે રીતે એક કમિટી બનાવી તેમાંથી પાંચ જણા ના નામે બેંક મા ખાતું ખોલાવી લોકો ને દાન ની અપીલ પત્રકારો ને આર્થિક રાહત આપી શકાય તે માટે કરવામાં આવી છે ..ગુજરાત સરકારે તમામ હંગામી સહિત .સફાઈ કામદારો મેડિકલ સાથે ના કર્મચારીઓ ને ૨૫ લાખ નું કોરોના રિસ્ક પેકેજ જાહેર કરેલ છે..કંડલા પોર્ટ પણ ૫૦ લાખ નું રિસ્ક પેકેજ કર્મચારી માટે જાહેર કરેલ છે..હાલની પરિસ્થિતિ જોતા કોરોના સંકટ મ । . પોલીસ પોલિટિશિયન્સ અધિકારીઓ મેડિકલ સ્ટાફ અને માહિતી ખાતા ના પોઝિટિવ નેગેટિવ આવેલા ને સરકારે ૨૫ લાખ ના કોરોના રિસ્ક પેકેજ માં આવરી લીધા છે પણ સરકાર અને પ્રજા વચ્ચેના સેતુ સમાન એક માત્ર મીડિયા ના લોકો ૧૧ કેસ પોઝિટિવ આવ્યા છતાં લટકતી જિંદગીમાં પોતાની ફરજ બજાવી રહ્યા છે..મીડિયા માલિકો અને ચેનલ માલિકો ને સરકાર અંદર.બાહ્ય રીતે વિજ્ઞાપનો ના આર્થિક સહકાર થી સાચવી રહી છે જેથી તેમને ફિલ્ડ માં કામ કરતા કોઈ પત્રકાર બાબતે કોઈપણ જાતની ચિંતા હોય તેવું દેખાતું પણ નથી કે આં બાબતે એમ.પી.ધારાસભ્ય અને અનેક સિનિયર પત્રકાર સરકાર નું ધ્યાન દોરી ફરજ અદા કરવા અસંખ્યવાર લખ્યું છે છતાં આં અખતરા વાળી સરકાર ના પેટ નું પાણી પણ હાલે તેવું લાગતું નથી.જ્યારે માહિતી ખાતા ના કોઈ જ ઉચ્ચ અધિકારીઓ એ પણ સરકાર નું ધ્યાન દોર્યું નથી કે ૮૦% મીડિયા ના માલિકો ની સરકારે જાહેરાત બંધ કરી છેલ્લા બે વરસ થી આર્થિક મરણતોલ ફટકો આપેલ છે જેથી આં સંજોગોમાં તો મીડિયા કરમી ને કોઈ પણ રાહત આપવી જોઈએ પણ કદાચ કેન્દ્ર સરકાર ની મીડિયા વિરોધી નીતિઓને કારણે રૂપાણી કહ્યાગરી સરકાર મીડિયા બાબતે નિર્ણય લઈ શકતી નથી.. રૂપણીજી જે માનવતા ખાતર કોરોના સંકટ ના સરકારને પ્રજાના સેતુ સમાન મીડિયા કર્મીઓ ને રાહત નું કોઈ પેકેજ કે કોઈ બીજી રાહત આપી ને પુણ્ય કમાવવું જોઈએ..પ્રદીપ રાવલ તંત્રીઃ જન ફરિયાદ દેશ વિદેશ સાપ્તાહિક. ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક.ગાંધીનગર.(૯૮૨૪૬૫૩૦૭૩)

# કોરોના વાયરસની પ્રવર્તમાન સ્થિતીમાં રાજ્ય મંત્રીમંડળની સતત પાંચમી વિડીયો કોન્ફરન્સીંગ કેબિનેટ બેઠક

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની સતત પાંચમી વિડીયો કોન્ફરન્સ કેબિનેટમાં રાજ્યમાં કોરોના વાયરસ સંક્રમણ અને આરોગ્યલક્ષી બાબતો, પીવાના પાણીની સ્થિતી અને જીવનજરૂરી ચીજવસ્તુઓના પૂરવઠાની ઉપલબ્ધિ અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

આ વિડીયો કોન્ફરન્સ કેબિનેટ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા ગાંધીનગરથી તેમજ અન્ય મંત્રીશ્રીઓ પોતાના જિલ્લાઓમાંથી સહભાગી થયા હતા.

રાજ્ય મંત્રીમંડળની આ વિડીયો કોન્ફરન્સ કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણયોની વિગતો મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમારે આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના તમામ જિલ્લા કલેકટરોને સ્પષ્ટ સૂચનાઓ આપી છે કે, ઊનાળાની ઋતુમાં રાજ્યમાં પીવાના પાણીની કોઇ મુશ્કેલી ઊભી ન થાય. એ માટે જિલ્લા કલેકટરે સ્વયં દેખરેખ રાખે.

તેમણે એવી પણ તાકીદ કરી કે, અત્યારે રાજ્યમાં પીવાના પાણીનો જથ્થો પૂરતી માત્રામાં ઉપલબ્ધ છે ત્યારે વિતરણ વ્યવસ્થાની કોઇ ખામી ન સર્જાય તે કલેકટરો સુનિશ્ચિત કરે.

મુખ્યમંત્રીશ્રીએ જિલ્લાઓના ગ્રામીણ ક્ષેત્રોમાં કે અન્યત્ર જ્યાં હેન્ડપંપ બગડી ગયા હોય કે પાણી ઊંડું ગયું હોય ત્યાં રિપેરીંગ ગેંગ મોકલીને સત્વરે ચાલુ કરાવી દેવા પણ સૂચનાઓ આપી છે.

કોરોના વાયરસના વ્યાપક સંક્રમણની સ્થિતીમાં હવે તેનો વ્યાપ વધુ ફેલાય નહિ તેની તકેદારીઓ રાખવાની સ્પષ્ટ સૂચનાઓ મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

તેમણે જ્યાં વધુ પ્રમાણમાં લોકો આવતા-જતા હોય તેવા છઁસ્ઝ, માર્કેટયાર્ડ, જાહેર સ્થળો, બજારો વગેરે સ્થળે જિલ્લાતંત્ર દ્વારા થર્મલગન, સેનીટાઇઝર વગેરેના ઉપયોગ માટે જિલ્લા કલેકટરોને સુચનાઓ કરી હતી તેની વિગતો પણ મુખ્યમંત્રીશ્રીના સચિવે આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના તુવેર તથા એરંડા-ચણા પકવતા ખેડૂતોના વ્યાપક હિતમાં પણ આ વિડીયો કોન્ફરન્સ કેબિનેટમાં મહત્વપૂર્ણ નિર્યો કર્યા છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીના સચિવે જણાવ્યું કે, રવિ સિઝન ૨૦૨૦-૨૧માં ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ મળે તેવા ઉદાત્ત ભાવથી આગામી શુક્રવાર તા. ૧ મે થી તા. ૫ મી મે-૨૦૨૦ સુધી તુવેરની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના ૧૦૩ ગોડાઉન ખાતે કરવાનો નિર્ણય મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે.

અગાઉ સરકારે તા. ૧-૧૨-૨૦૧૯થી તા. ૧૫-૧-૨૦૨૦ સુધી ઓનલાઇન રજિસ્ટ્રેશન તેમજ તા. ૧-૧-૨૦૨૦થી તા. ૩૦-૩-૨૦૨૦ સુધી ૯૦ દિવસ ખરીદીનો સમય નિર્ધારીત કરેલો હતો. જેમાં ૧૬,૩૪૫ હજાર ખેડૂતોનું રજિસ્ટ્રેશન થવા પામ્યું હતું. તે પૈકીના ૩૮૮૧ ખેડૂતોએ ૬૫૧૪ મે.ટન તુવેર દાળનું વેચાણ કરેલું છે.

વિશ્વવ્યાપી મહામારી કોરોના વાયરસ કોવિડ-૧૯ને પગલે જાહેર કરાયેલા દેશવ્યાપી લોકડાઉનની સ્થિતીમાં ખરીદી તા.૨૩ માર્ચથી મુલત્વી રાખવામાં આવેલી હતી.

મુખ્યમંત્રીશ્રીએ હવે તા. ૧ મે શુક્રવારથી તા. ૫ મે-૨૦૨૦ સુધી આ ખરીદી પૂનઃ શરૂ કરવાના લીધેલા નિર્ણયને કારણે જે ખેડૂતોએ અગાઉ તા. ૨૩.૩.૨૦૨૦ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી લીધેલું છે તેવા ખેડૂતો પૈકીના તુવેર વેચાણ માટે બાકી રહેલા ૧૨૪૧૭ ખેડૂતોના તુવેરના જથ્થાની ખરીદી તા. ૧ મે-૨૦૨૦થી તા. ૫-૫-૨૦૨૦ સુધી કરાશે. ખરીદી અને પ્રાપ્તિની શરૂઆત કરવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીના સચિવે એમ પણ કહ્યું કે ભીડભાડ ન થાય તે રીતે સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવીને નાગરિક પુરવઠા નિગમના ગોડાઉનો પર આ પ્રક્રિયા હાથ ધરવાની અને ક્રમાનુસાર ખરીદીની મુખ્યમંત્રીશ્રીએ સુચનાઓ આપી છે.

તેમણે પ્રવર્તમાન કોરોના વાયરસના વ્યાપક સંક્રમણની સ્થિતીમાં ખેડૂતો દ્વારા માસ્કનો ઉપયોગ તથા ખરીદ કેન્દ્ર ખાતે સેનેટાઇઝરની સુવિધા ઉપલબ્ધ કરાવવા અને સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા પણ ખાસ તાકીદ કરી છે.

હાલમાં નોવેલ કોરોના વાયરસના વ્યાપક સંક્રમણના કિસ્સાઓ વધતા આ સંક્રમણ અટકાવવા એવું પણ નક્કી કરવામાં આવ્યું છે કે, ખેડૂતોને જીસ્જી કરીને ટાઇમ સ્લોટ અને તારીખ જણાવવામાં આવે તે મુજબ તેઓએ તુવેર વેચાણ માટે આવવાનું રહેશે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યમાં ગુજકોમાસોલ દ્વારા તા. ૧લી મે થી ચણા અને રાયડાની ખરીદી શરૂ થવાની છે તેમાં પણ કોઇ સમસ્યા ન આવે, મુશ્કેલી ન સર્જાય તે માટે ગુજકોમાસોલના ચેરમેન શ્રી દિલીપ સંઘાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ તેમજ કૃષિ મંત્રીશ્રી આર. સી. ફળદુ, મંત્રી શ્રી જયેશભાઇ તેમજ ઇશ્વરસિંહ પટેલ સાથે વિડીયો કોન્ફરન્સીંગ બેઠક યોજી હતી.

આ અંગેની વિગતોમાં મુખ્યમંત્રીશ્રીના સચિવે કહ્યું કે, ચણા-રાયડાની ખરીદી પ્રક્રિયામાં પણ ભીડભાડ ન થાય, સોશિયલ ડિસ્ટન્સ જળવાય અને માસ્ક વગેરેનો ઉપયોગ અવશ્ય થાય તે સુનિશ્ચિત કરવા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જિલ્લાઓમાં મનરેગાના કામો ઝડપથી ચાલુ કરવા સાથોસાથ સુજલામ સુફલામ જળ અભિયાનના કામો પણ શરૂ કરવા અને ખોદવામાં આવતા તળાવ-ચેકડેમની માટી ખેડૂતોને તેમના ખેતરમાં વિનામૂલ્યે લઇ જવા આપી દેવાય તેની પણ કલેકટરોને તાકીદ કરી હતી.

તેમણે પ્રધાનમંત્રી આવાસ યોજનાના કામો પણ ત્વરાએ શરૂ કરવાની અને લાભાર્થીઓને તેનો લાભ મળે તે જોવાની પણ કલેકટરોને આ બેઠકમાં સુચનાઓ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસ અને સચિવ શ્રી અશ્વિનીકુમાર વગેરે આ બેઠકમાં જોડાયા હતા.

સીએમ-પીઆરઓ/અરૂણ

### અમેરિકા નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફિયિક એડમિનિસ્ટ્રેશના રિપોર્ટ અનુસાર

# પ્રદૂષણ ભલે ઘટ્યું હોય,આ વર્ષે ગરમી બધા રેકોર્ડ તોડી નાંખશે

*વૉશિંગ્ટન,તા.૨૯*

લોકડાઉનને કારણે ભલે પર્યાવરણ સ્વચ્છ થઈ રહ્યું હોય, પરંતુ ૨૦૨૦નું વર્ષ અત્યારસુધીનું સૌથી ગરમ વર્ષ બની રહેવાની શક્યતા છે. યુએસ નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફિયિક એડમિનિસ્ટ્રેશના જણાવ્યા અનુસાર, હાલ ભલે પ્રદૂષણ ઘટ્યું હોય, પરંતુ આ વર્ષે તાપમાન સતત વધતું રહેશે. હાલ વાતાવરણમાં જે ગ્રીનહાઉસ ગેસ પહેલાથી ભળેલા છે તેના કારણે ગરમી સતત વધતી રહેશે.૨૦૧૬ના વર્ષમાં ગરમીએ રેકોર્ડ બનાવ્યો હતો. જોકે, ૨૦૨૦માં આ રેકોર્ડ તૂટવાની શક્યતા છે. જો આ વર્ષે ૨૦૧૬ જેટલી ગરમી ના પડી તો પણ ૨૦૨૦નું વર્ષ સૌથી વધુ ગરમીનો રેકોર્ડ ધરાવતા ટોચના પાંચ વર્ષોમાં ચોક્કસ સામેલ હશે. ઓક્સફોર્ડ ક્લાઈમેટ સાયન્ટિસ્ટ કારસ્ટેન હ્યુસ્ટિને જણાવ્યું હતું કે, આ વર્ષે પ્રદૂષણ ઘટશે, પરંતુ તાપમાન વધારે રહેશે.



અત્યાર સુધી પૃથ્વીનું સૌથી વધુ તાપમાન ૨૦૧૬માં નોંધાયું છે. જ્યારે ૨૦૧૯નું વર્ષ બીજા ક્રમે, ૨૦૧૫નું વર્ષ ત્રીજા ક્રમે, ૨૦૧૭નું વર્ષ ચોથા ક્રમે અને ૨૦૧૮નું વર્ષ પાંચમા ક્રમે આવે છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે, ગ્રીનહાઉસ ગેસનું પ્રમાણ છેલ્લા ત્રીસ લાખ વર્ષના સૌથી ઉંચા લેવલે પહોંચી ગયું છે. પૃથ્વીના તાપમાનમાં ત્રણ ડિગ્રી જ્યારે સમુદ્રની સપાટીમાં ૧૫ મીટર જેટલો વધારો થયો છે.

સમુદ્રનું તાપમાન પણ રેકોર્ડ સ્તરે પહોંચ્યું છે. તાપમાનમાં હિરોશિમામાં જે અણુબોંબ ફુટ્યા હતા તેવા પાંચ બોંબ દર સેકન્ડે ફુટે તેટલા પ્રમાણમાં ગરમી વધી રહી છે. ૨૦૨૦નું વર્ષ આમેય ઘણા રેકોર્ડ બનાવી ચૂક્યું છે. આ વર્ષનો જાન્યુઆરી મહિનો સૌથી ગરમ રહ્યો હતો, અને યુરોપના કેટલાક ભાગોમાં તાપમાન સામાન્ય કરતાં વધી ગયું હતું. ફેબ્રુઆરી મહિનામાં એન્ટાર્કટિકાનું તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસે પહોંચી ગયું હતું.

# રાજકોટમાં ક્વોરન્ટીન જંગલેશ્વરના ૩ અને ભાવનગરના ૨ વ્યક્તિને કોરોના પોઝિટિવ

રાજકોટ,તા.૨૯

દેશભરમાં કોરોના કહેર છે ત્યારે રાજકોટમાં આજે વધુ ૩ પોઝિટીવ કેસ સામે આવ્યા છે. ફેસેલીટી કોરોન્ટાઇન કરેલાને ૧૪ દિવસ પૂર્ણ થતા સેમ્પલ લેવામાં આવ્યા હતા અને કોરોના પોઝિટીવ આવ્યો હતો. જોકે તમામ દર્દીઓમાં કોરોનાના એકપણ લક્ષણો દેખાયા નહતા. ભાવનગરમાં વધુ બે વ્યક્તિને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યા છે. ભાવનગરમાં કોરોના પોઝિટિવની સંખ્યા ૪૬ થઇ છે. શહેરના સ્ટેશન રોડ અમીપરા વિસ્તારમાં રહેતા પુષ્પાબેન કિશોરભાઇ સોલંકી (ઉ.વ.૬૫)ને ૧૭ એપ્રિલના રોજ પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો અને તેનું મોત નીપજ્યું હતું. ત્યારથી તેના પતિ કિશોરભાઇ અમીચંદ સોલંકી (ઉ.વ.૬૫) અને તેના સંબંધી જય હિતેશભાઇ સોલંકી (ઉ.વ.૧૦)ને સમરથ હોસ્ટેલમાં ક્વોરન્ટીન કરાયા હતા. જેના સેમ્પલ પરીક્ષણ માટે મોકલાતા બંનેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.જણાવી દઈએ કે, રાજકોટમાં બે દિવસમાં કોરોનાના ૧૦ કેસ સામે આવ્યા છે. જ્યારે છેલ્લા ૨૨ દિવસમાં ૫૦ કેસ સામે આવ્યા છે. ૫૯ લોકોમાંથી ૧૫ લોકોએ કોરોનાને માત આપીને હોસ્પિટમાંથી ડિસ્ચાર્જ થઈને ઘરે મોકલી દેવામાં આવ્યા છે. એરાઉન્ડ ક્લસ્ટર વિસ્તારમાં ૧૪૨૧ મકાનોમાં રહેતા ૭૨૨૩ લોકોને સતત મોનીટરીંગ કરવામાં આવે છે.રાજકોટમાં વધુ કેસ જંગલેશ્વર વિસ્તારમાં આવ્યા છે ત્યારે જંગલેશ્વર વિસ્તારમાં ૪ શેરીઓમાં વધુ કેસ સામે આવ્યા હોવાનો ખુલાસો થયો છે. રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં શેરી નંબર ૨૪ માં ૧૧ કેસ સામે આવ્યા છે, જ્યારે શેરી નંબર ૨૫ માં ૪ કેસ સામે આવ્યા છે. તેવી રીતે શેરી નંબર ૨૬માં ૮ કેસ સામે આવ્યા છે, તો શેરી નંબર ૨૭માં ૬ કેસ સામે આવ્યા છે. ત્યારે જંગલેશ્વર વિસ્તારની વાત કરી તો આ વિસ્તારમાં ૧૨૫૨ ઘરને ક્લસ્ટર કોરોન્ટાઇન કરવામાં આવ્યાસ છે. જેમાં ૬૪૪૬ લોકો રહે છે.

### આગામી ૧ મેં ના રોજ ગુજરાતના ૬૦મા સ્થાપના દિવસ નિમિત્તે

# ગુજરાત ના ૩૦ નામાંકિત કલાકારો દ્વારા તૈયાર કરવામાં આવેલું ગીત યશગાથા ગુજરાતની રીલીઝ થશે

**લોક ડાઉન ને કારણે ગુજરાત ના ૬૦ માં સ્થાપના દિનની ઉજવણી નો નવતર પ્રયોગ, દરેક કલાકારો એ તેમના ઘેરથી જ આ ગીતમાં ભાગ લીધો.**

તારીખ ૨૯.

આગામી તારીખ ૧ મેં એ , ૬૦ માં ગુજરાત સ્થાપના દિન નિમિત્તે..ગુજરાતી ચલચિત્ર અને મનોરંજન જગતના ઘેર ઘેર જાણીતા થયેલા ૩૦ કલાકારો સાથે ×યશગાથા ગુજરાતની× ગીત તૈયાર કરવામાં આવ્યું છે. આ ગીતમાં ૩૦ કલાકારો સાથે ગુજરાતની વિકાસયાત્રાને પણ સુંદર રીતે વણી લેવામાં આવી છે.

સ્વ. કવિશ્રી રમેશ ગુપ્તાની કલમે લખાયેલા અને જાણીતા યુવા સંગીતકાર શ્રી મૌલિક મહેતા દ્વારા પુનઃ સ્વરાંકીત કરવામાં આવેલા આ ગીતનું દિગ્દર્શન અભિલાષ ઘોડા એ કરેલું છે જ્યારે સંકલન કર્યું છે વિવેક ઘોડા અને કરન ઘોડાએ. આ ગીત માટે વિશેષ સહયોગ સાંપડ્યો છે શ્રી મનીષ બરડીયાનો.

આ ગીતમાં ગુજરાતના ગૌરવ સમા કલાકારો શ્રી નરેશ કનોડિયા, શ્રી હીતુ કનોડીયા, શ્રી ચંદન રાઠોડ, શ્રી પ્રફુલ દવે, શ્રી સાંઈરામ દવે, શ્રીમતી કાજલ ઓઝા વૈદ્ય, શ્રી ફીરોઝ ઈરાની, શ્રી મલ્હાર ઠાકર, શ્રી મૌલિક જગદીશ નાયક, શ્રી અક્ષત ઈરાની, શ્રી ચેતન દૈયા, શ્રી ધર્મેશ વ્યાસ, શ્રીમતી મોના થીબા, કુ. આરોહી પટેલ, કુ. નેત્રી ત્રીવેદી, શ્રી રાગી જાની, શ્રી નિસર્ગ ત્રીવેદી, શ્રી ભરત બારીયા, શ્રી અક્ષય પટેલ, શ્રી ઓજસ રાવલ, શ્રી હેમાંગ દવે, શ્રી પ્રેમ ગઢવી, શ્રી નીશીથ બ્રહ્મભટ્ટ, શ્રી વિવેક શાહ, શ્રી સૌરભ રાજ્યગુરુ, શ્રી મેહુલ મૌર્ય, શ્રી નિશાત પંડ્યા, શ્રી હીતેશ ઠાકર, જુનાગઢ ના કલાકાર શ્રી રાજુ ભટ્ટ અને શ્રી અભિલાષ ઘોડાએ પોતાનું શ્રેષ્ઠ પરફોર્મન્સ આપ્યું છે.

તાજેતરના લોકડાઉનની પરીસ્થીતીમાં દરેક કલાકારોએ તેમના ઘરમાં, બાલ્કનીમાં અથવા પોતાની અગાસી પર જ રહીને પોતપોતાના મોબાઈલ કેમેરા દ્વારા આ ગીત શુટ કરેલું છે.

તારીખ ૧ મેં ના રોજ સવારે ૬:૩૦ વાગ્યે રીલીઝ કરવામાં આવનાર છે.

છેલ્લા એક મહિનાથી લોકડાઉનની વચ્ચે જીવતા નાગરીકો અને સતત મહામારીના વાતાવરણથી થાકેલા પ્રત્યેક ગુજરાતીઓમાં આ ગીત દ્વારા ફરી એકવાર જુસ્સો લાવવાનો હકારાત્મક પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ચાલુ વર્ષે ગુજરાતની સ્થાપનાને ૬૦ વર્ષ પુરા થતા હોવા છતાં લોકડાઉનને કારણે કોઈપણ પ્રકારની જાહેર ઉજવણી શક્ય નથી ત્યારે ગુજરાતની યશગાથા રજુ કરતા આ ગીતનો કલાજગત દ્વારા કરવામાં આવેલો નવતર પ્રયોગ અભિનંદન ને પાત્ર છે .સંપર્ક સુત્ર.....અભિલાષ ઘોડા..૯૮૯૮૦૩૨૪૪૩

# લોકડાઉન કે સાથ ભી ઔર બાદ ભી શાકભાજીની લારીઓ પર સામાજિક અંતર જરૂરી

અમદાવાદ,તા.૨૯

રાજ્યમાં કોરોના વાયરસને લઈને કોહરામ મચેલો છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો કુલ કુલ ૧૯ દર્દીના મોત નોંધાયા છે એ તમામ મોત અમદાવાદમાં જ થયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૫૬૧૦૧ના ટેસ્ટ કર્યાં, ૩૭૭૪ પોઝિટિવ અને ૫૨૩૨૭ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. આજે કોરોના વાયરસને લઈને શહેરના લોકો માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર વિજય નહેરાએ પોતાના બુલેટિનમાં માહિતી આપી હતી. કમિશનર નહેરાએ જણાવ્યું કે, અમદાવાદમાં છેલ્લા ૧૦ દિવસમાં ૭૭૯૩ સુપરસ્પ્રેડરનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. શહેરના ૪૮ વોર્ડમાં ૧૧૫ સુપર સ્પ્રેડરને કોરોના પોઝિટિવ આવ્યા છે. હાલ હોટસ્પોટ એરિયામાં કોરોનાનું સંક્રમણ અને મૃત્યુદર ઓછો કરવા પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, અમદાવાદમાં કોરોના વાયરસ સામે રક્ષણ મેળવવા માટે ૩.૫૦ લાખ કોટન માસ્ક તૈયાર કરવામાં આવ્યા છે. આ તમામ માસ્ક શાકભાજીના ફેરિયાઓને મફત માસ્કનું વિતરણ કરવામાં આવશે. એટલું જ નહીં. ફેરિયાઓને ફ્રીમાં સેનેટાઈઝર પણ આપવામાં આવશે. પરંતુ લોકડાઉનના સમયમાં અને લોકડાઉન બાદ શાકભાજીની લારીઓ પર સામાજિક અંતર જરૂરી છે. વિજય નહેરાએ વધુમાં જણાવ્યું હતું કે, અમદાવાદમાં લૉકડાઉન ખુલે ત્યારે તમામ લોકો માસ્ક ફરજિયાત પહેરી રાખવા અનુરોધ કર્યો હતો. એક મેથી દુકાનદાર, ફેરિયા અને સુપરમાર્કેટમાં માસ્ક ફરજિયાત કરી દેવામાં આવ્યું છે. દુકાનદાર, ફેરિયાઓ માસ્ક નહીં પહેરે તો તેમને કડકમાં કડક દંડ વસૂલવામાં આવશે. સામાન્ય નાગરિક કરતા દુકાનદાર પાસેથી ૫ ગણો દંડ વસૂલવા માટે વિજય નહેરાએ પોતાના બુલેટિનમાં જણાવ્યું હતું. તેમજ શાકભાજી વેચનારાઓને ફ્રીમાં માસ્ક અને હેન્ડ સેનેટાઈઝર આપવાની શરૂઆત કરી છે. તેમજ ૧ મેથી માસ્ક ન પહેરનારા કરિયાણા અને દૂધની ડેરી જેવા દુકાનદારોને રૂ. ૫૦૦૦, ફેરિયાઓને રૂ.૨૦૦૦ અને સુપર માર્કેટ્સને રૂ. ૫૦ હજારનો દંડ ફટકારવામાં આવશે.




# ધાનેરાના છોટા રામપુરા ગામે આખલાને મારી ખેતરમાં દાટી દીધો

## બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના રામપુરાછોટા ગામે ટ્રેકટર ચાલક દ્વારા આખલા એ દમ ન તોડ્યો ત્યાં સુધી ટ્રેકટર પાછળ બાંધીને ઘસડતો રહ્યો



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ધાનેરાના છોટા રામપુરા ગામે એક ખેડૂતે અમાનવીય ઘટનાને અજામ આપતા જાગૃત નાગરિક દ્વારા ધાનેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે ગામના ખેંગારભાઈ હાજાભાઈ પટેલ નામનાં ખેડૂતે પહેલાં તો આખલાને પોતાના ટ્રેકટર સાથે ક્રુરતા પૂર્વક બાંધ્યો ત્યારબાદ એને ગામનાં ચોરાયે ઢસડી ઢસડી ને મોતને ઘાટ ઉતારી દીધો અને પછી આખલાના મૃત શરીરને લઈ જઈ પોતાનાં જ ખેતરમાં એને દાટી દીધો ગામના ખેડૂતની ક્રુરતા ભરી ઘટનાએ સમગ્ર ગામમાં ચકચાર મચાવી દીધી અને જોત જોતામાં ખેડુતના આખલા ને ત્રાસ આપતાં ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વાત આગની જેમ ફેલાઈ ગઈ અને અમાનવીય કૃત્ય આચરનાર ખેડૂત સામે ફિટકારની લાગણીઓનો વરસાદ થવા લાગ્યો અને ગામના ઈસમની અબોલ પશુ પર અત્યાચાર ની વાતો વહેતી થતી જ ગામ આખું ઈસમ સામે રોષે ભરાયું અને પોલીસ ને જાણ કરતા પોલીસે ગામના ખેડૂત ખેંગારભાઈ હાજાભાઈ પટેલના ખેતરના ઢાળીયામાંથી આખલાના મૃત શરીરને બહાર કાઢી પ્રાણીઓની સાચવણી અને પશુ સંરક્ષણ એકટની કલમો હેઠળ ફરિયાદ દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

### કોરોના સામેના જંગમાં ઉદાર સહયોગ આપનાર સર્વેનો

# અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ સહિતના હોદ્દેદારોએ ઋણ સ્વીકાર કર્યો

મોટી ઈસરોલ, તા.૨૯

હાલ સમગ્ર વિશ્વ કોરોનારૂપી મહામારી થી અસરગ્રસ્ત છે.સમાજ માટે હરહંમેશ પ્રેરણાદાયી તરીકે શિક્ષક એ હર હમેંશા અગ્રેસર છે.દેશની સેવા કરવાની અમૂલ્ય તક મળી છે ત્યારે અરવલ્લી જિલ્લાના પ્રાથમિક શિક્ષકો પણ પાછીપાની કર્યા વગર આ સેવાયજ્ઞ માં પોતાના નું યોગદાન આપી રહ્યા છે.તે બદલ સમગ્ર વહીવટીતંત્ર અને અમો આપના આભારી છીએ.

જિલ્લા ના પ્રાથમિક શિક્ષકોએ કોરોનારૂપી આપદા માં અનેક રીતે પોતાનું યોગદાન આપ્યું છે જેમાં..જિલ્લાના સૌ શિક્ષકોએ પોતાના પગારમાંથી ૧,૦૨,૬૪,૯૫૩/-

(અંકે રૂપિયા એક કરોડ બે લાખ ચોસઠ હજાર નવસો ત્રેપન) જેટલી માતબર રકમ મુખ્યમંત્રી રાહત ફંડમાં જમા કરાવેલ છે.

જ્યારે જિલ્લા વિકાસ અધિકારીની અપીલને શિરોમાન્ય રાખી શિક્ષકોએ રૂપિયા ૪૦૫,૬૪૮/- નું યોગદાન આપીને આ ઉપરાંત રૂ.૧,૩૫,૨૧૬ ની રકમના માસ્ક બનાવેલ છે.

આ અંગે પૂછતાં અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ,હસમુખભાઈ પટેલ,ઉપપ્રમુખ,અનિલભાઈ પટેલ,સહમંત્રી રશ્મિનભાઈ કલાસવાએ વધુમાં જણાવ્યું કે

જિલ્લાના પ્રાથમિક શિક્ષકોએ જિલ્લાના પ્રજાજનોના આરોગ્યલક્ષી છર્ષ્ઠૈદૃી તથા ૹજૈદૃી સર્વેની કામગીરી કરી સમગ્ર માહિતી ઓનલાઇન કરેલ છે.

અરવલ્લી જીલ્લા પંચાયત દ્વારા કોરોનારૂપી આપદામાં ગ્રામ પંચાયત ના સરપંચ-તલાટી તથા ગ્રામજનો માટે હેલ્પલાઈન ડેસ્ક શરૂ કરવામાં આવ્યો છે તેમાં પણ શિક્ષકો રાઉન્ડ ધ ક્લોક ફરજ બજાવી રહ્યા છે.

સસ્તા અનાજની દુકાનોમાં વિતરણ ની દેખરેખ ની કામગીરી જિલ્લા ના પ્રાથમિક શિક્ષકો નિષ્ઠાપૂર્વક કરી રહ્યા છે. આ ઉપરાંત કેટલાક શિક્ષકોએ વ્યક્તિગત રૂપે મુખ્યમંત્રી રાહત ફંડ તેમજ પી.એમ.કેયર્સ ફંડમાં પોતાની યથાશક્તિ યોગદાન આપેલ છે.ખરેખર અરવલ્લી જિલ્લા ના શિક્ષકો માટે ચાણક્યના શબ્દો આ મહામારી માં ચરિતાર્થ થાય છે.

અરવલ્લી જિલ્લા સંઘ વતી અમો આપ સૌ શિક્ષક ભાઈઓ-બહેનો, વિદ્યાસહાયક ભાઈઓ-બહેનોનો આભાર વ્યક્ત કરીએ છીએ. દેશ સેવાની અમૂલ્ય તક મળી છે ત્યારે આપણે હરહંમેશ જે પણ કામગીરી સોંપવામાં આવે તે નિભાવીશું તથા જ્યાં પણ જરૂર હોય ત્યાં મદદરૂપ બનવા પણ નમ્ર અપીલ કરી છે.

આ ઉપરાંત કોરોના મહામારીમાં એક દિવસનો પગાર હોય કે માસ્ક બનાવવાની કામગીરી તમામ સમયે જિલ્લા ઉત્કર્ષ મંડળ તરફથી પણ સંપૂર્ણ સાથ સહકાર મળ્યો છે તે બદલ જીતુભાઈ પડ્યાંનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.તેમણે

સર્વે તાલુકા સંઘના પ્રમુખો, મંત્રીઓ, ઉપપ્રમુખો તથા સહમંત્રીઓનો પણ આભાર માન્યો છે આ સર્વે કામગીરીમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એ.કે.મોઢ તથા નાયબ ડીપીઈઓ સમીરભાઈ પટેલના સુચારુ માર્ગદર્શનની પણ નોંધ લીધી છે

# અરવલ્લી જિલ્લામાં ભિલોડા, મેઘરજ અને માલપુરમાં નોંધણીની પ્રક્રિયા શરૂ કરાઈ

સમગ્ર રાજયમાં ૨૦ એપ્રિલ ૨૦૨૦થી તમામ સબ-રજીસ્ટ્રાર કચેરીઓ પૈકી મહાનગર પાલિકા તથા નગરપાલિકા સિવાય ની ગ્રામ્ય વિસ્તાર ૯૮ ની સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણી ની પ્રક્રિયા શરુ કરવાનો સરકારશ્રી દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.ત્યારે અરવલ્લી જીલ્લામાં ભિલોડા, મેઘરજ અને માલપુરની સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણી ની ઓનલાઈન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

અરવલ્લી જિલ્લામાં આવેલ ગ્રામ્ય વિસ્તારની સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણી માટે આવતા દરેક પક્ષકારે કચેરી બહાર સેનિટાઈઝરથી હાથ સાફ કરીને કચેરીમાં પ્રવેશ કરવાનો રહેશે. દસ્તાવેજ નોંધણી માટે આવનાર અરજદાર, વકીલ, બોન્ડ રાઈટર વગેરેએ કોરોના ના સંક્રમણ ને નાથવા માટે આપવામાં આવેલી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. ગરવી વેબ સાઈટ માં http:// garvi.gujarat.gov.in પર ઈ- પેમેન્ટ અને દસ્તાવેજ માટે ઓનલાઈન અપોઈન્ટમેન્ટ મેળવવાની રહેશે. ફક્ત ઓનલાઈન અપોઈન્ટમેન્ટ લીધેલ તથા ઈ પેમેન્ટ થી ઓનલાઈન નોંધણી ફી ભરેલ દસ્તાવેજ ની જ નોંધણી થઈ શકશે.હાલ ફકત દસ્તાવેજ નોંધણીની કામગીરીને પ્રાથમિકતા આપવાની રહેશે.ઈન્ડેક્ષ નકલ દસ્તાવેજની ખરી નકલ તથા શોધ રીપોર્ટની સુવિધા હાલ પુરતી બંધ છે

દસ્તાવેજની નોંધણી માટે અંગુઠાનું નિશાન બાયોમેટ્રિક પદ્ધતિથી તેમજ વિડીયો રેકડ'ગ સહિતની પ્રક્રિયા યથાવત રાખવામાં આવી છે. દરેક પક્ષકારે કચેરીમાં ફરીજીયાત માસ્ક પહેરવાનું તથા સામાજિક અંતર જાળવવાનું રહેશે. એમ અરવલ્લી જિલ્લા મોડાસાના નોંધણી નિરીક્ષકશ્રીની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# કોરાના વાયરસ સામેના જંગમાં એક નજર યહાઁ ભી....!!!



(પ્રભુદાસ પટેલ) મોટી ઈસરોલ, તા.૨૯

સોસિયલ મીડિયામાં વાયરલ થતી ઘણી વાતો આપણને ભણેલાઓને પણ કંઈક અદભુત વિચાર અને ઉંચા વિચાર આપી જાય એવા ય મેસેજ આવતા હોય છે.સમજદારી કોઈ મોટી પદવીઓ કે વિદ્વતા પૂરતી જ સીમિત નથી હોતી..શાયદ સુશિક્ષિત.. ભણેલા ગણેલાઓમાં પણ જેની ખોટ હોય એ સમજદારી અભણ,નિરક્ષર અને ક્યારેય શાળાએ પણ નહી જનારના સમજણના હદયમાંથી સ્ફુરે છે.આ એક જ મેસેજ એ સમજવા માટે પૂરતો છે.ઘરના કપડામાંથી સોઈ દોરો લઈ બનાવેલ આ માસ્ક એની માઁ એ બનાવ્યો છે એના ગુણગાન પણ આ મેસેજમાં કહેવાનું જાણે આ કિશોર ભુલ્યો નથી.અપાર ઉપકાર જો કોઈના હોય તો દરેક સંતાન માટે એના માબાપના હોય છે.. એમાં ય માં નું સ્થાન બીજું કોઈ જ લઈ શકે નહી..ઈશ્વર પણ નહી..!!!!

અક્ષરશઃ મેસેજ અહી રજૂ કરેલ છે...

ગરીબ હૈસાહેબ,ગૈર જિમ્મેદાર નહિ..

...વાહ ક્યા ઉમદા ખયાલ હૈ, ઈસ કો સમજદારી બોલતે હૈ!!!!!!

### મોડાસાની સ્ટેટ બેંકની એસ.પી.મયુર પાટીલે લીધી મુલાકાત

# ગ્રાહકોમાં સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા બેંક અધિકારીઓ સાથે ચર્ચા કરી

અરવલ્લી બ્યુરો મોડાસા

સમગ્ર દેશ મા તથા ગુજરાત રાજ્ય માં કોરોના વાઈરસના કેસો દિન પ્રતિ દિન વધી રહ્યા હતા. અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર સરકારે આપેલા લોકડાઉનની અમલવારી માટે ખડેપગે દિવસ-રાત કામ કરી રહ્યું છે મોડાસા ચાર રસ્તાએ આવેલ સ્ટેટ બેંક આગળ તેમજ અન્ય કેટલીય બેંકમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાતો ન હોવાની બૂમો ઉઠી હતી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે મોડાસા ચાર રસ્તા સ્ટેટ બેંક ,એક્સિસ બેંક અને ધનસુરા ખાતે આવેલ બેંક ઓફ બરોડાની મુલાકાત લઈ સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા બેંક અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી અને બેંકની કામગીરી અર્થે આવતા ગ્રાહકોમાં ચુસ્તપણે સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તેવી સુવિધા ઉભી કરવા તાકીદ કરી હતી



અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જણાવ્યું હતું કે જીલ્લામાં આવેલી બેંક શાખાઓમાં સોશ્યલ ડીસ્ટન્સનો અભાવ જોવા મળતો હોવાથી વિવિધ બેંકની મુલાકાત લીધી હતી મોડાસા શહેરની ચાર રસ્તા નજીક આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની અધિકારી સાથે ચર્ચા કરી બેંકમાં કામકાજ અર્થે આવતા ગ્રાહકોમાં સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તે માટે જરૂરી સૂચના આપી બેંકની બહાર દોરેલ સોશલ્ય ડિસ્ટન્સ માટેના સર્કલ કલરથી દોરવા જેથી ભૂંસાય નહિ અને બેંકમાં ફરજ બજાવતા ચોકીદાર પણ ગ્રાહકોમાં સોશ્યલ ડિસ્ટન્સની અમલવારી કરાવે તેમજ પોલીસકર્મીઓની પણ સોશલ્ય ડિસ્ટન્સ જાળવવા મદદ લઈ શકે છે બેંકમાં કામકાજ અર્થે આવતા ગ્રાહકોમાં સોશલ્ય ડિસ્ટન્સ જાળવવામાં આવેની તાકીદ કરી હોવાનું જણાવ્યું હતું



સમગ્ર વિશ્વમાં આજે કોરોના વાયરસની મહામારી માં ઝઝૂમી રહ્યો છે. ત્યારે પાટણ જીલ્લાના ચાણસ્મા તાલુકાના સુણસર ગામે કોરોના વાયરસ સામે રક્ષણ મેળવવા સોડિયમ હાઈડ્રોકોરાઈનની દવા માનનીય મંત્રી શ્રી દિલીપ કુમાર ઠાકોર સાહેબના સ્વખર્ચ સુણસર ગામમાં આપવામાં આવી અને ગામના તલાટી તેમજ સરપંચ શ્રી અને ગામના યુવાનો તેમજ જિ૯લા ભાજપ મંત્રી વિનયસિહ વકીલ સૌ સાથે મળી સમગ્ર સુણસર ગામમાં દવાનો પાવડર નોં છંટકાવ કરવામાં આવ્યો હતો . ગામના લોકો દ્વારા મંત્રી શ્રી નોં આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો


રીપોટર. નિખિલ જોષી ચાણસ્મા

# પાટણ જિલ્લા NSUI દ્વારા ચાલતો (૧૦૦૦ માણસ પ્રતિ દિવસ) સેવાયજ્ઞ



આજે ૨૮/૦૪/૨૦૨૦ ના રોજ પાટણ જિલ્લા NSUI દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં વસતા ને છૂટક મજુરી જ જેમનો આશ્રય છે, તેવા જરૂરિયાતમંદ લોકોને તૈયાર ભોજન ( શાક, પુરી , બુંદી ) પીરસવામાં આવ્યું.. જિલ્લા NSUI પ્રમુખ જયેન્દ્રસિંહ રાજપુત, પાટણ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ શંકરલાલ મોદી ,કોર્પોરેટર અને નગરપાલિકા વિરોધ પક્ષના નેતા ભરતભાઈ ભાટીયા ,જિલ્લા માઈનોરીટી ચેરમેન ભુરાભાઈ સૈયદ, કોર્પોરેટર દિનેશભાઈ ભીલ, અમિતભાઈ પ્રજાપતિ એ હિજરી આપી જહેમત ઉઠાવી સાચા અર્થમાં જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચાડ્યું હતું..

# ધનસુરાના ખડોલમા જૈફ વયના પિતાના નિધન થતા બેસણું તેમજ તમામ ઉત્તરક્રિયા બંધ રખાઈ



મોટી ઈસરોલ

અરવલ્લી જિલ્લામાં ધનસુરાના ખડોલમા જૈફ વયના પિતાનું નિધન થતા બેસણું તેમજ તમામ ઉત્તરક્રિયા બંધ રખાયા હતા.કોરાના વાયરસને લઈને પરિવારે આ નિર્ણય લીધો છે એટલું જ નહીં પણ આ ક્રિયાઓ પાછળ થતો ખર્ચ ભરવાડ સમાજના માટે વાપરવાનું નકકી કરાયું હતું. ખડોલ ગામે રહેતા રાજુભાઈ પેથાભાઈ ભરવાડ, નીતિનભાઈ પેથાભાઈ ભરવાડ અને કિરીટભાઈ પેથાભાઈ ભરવાડ,ના પિતા પેથાભાઈ જીવાભાઈ ભરવાડનું સોમવારે જૈફ વયે અવસાન થયું હતું,વૈશ્વિક મહામારી મા કોરોના વાયરસ અને લોકડાઉન તેમાં પણ ખડોલ ગ્રામ પંચાયતને રેડ જોન જાહેર કરેલ હોય જેને ધ્યાને લઇ, આ પરિવારે ભરવાડ સમાજ અને અન્ય સમાજને પિતાના અવસાનની ફોન દ્વારા જાણ કરી હતી, અમુક વ્યક્તિઓ દ્વારા અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે, તમામ ક્રિયાઓ જેવી કે બેસણુ,અગિયારમું, બારમું, તેરમું, આ ક્રિયાઓ રદ કરી તેમાં થતો તમામ ખર્ચ ભરવાડ સમાજના વિકાસમાં વાપરવાનું નક્કી કરવામાં આવ્યું છે.ધનસુરા તાલુકાના ખડોલમાં ભરવાડ સમાજના પરિવારે પિતા દેવલોક પામ્યા પછી તમામ ક્રિયાઓ કોરોનાવાયરસ ના પગલે બંધ રાખી ભરવાડ સમાજ માં નવો રાહ ચિંધ્યો છે, ખડોલ ના સરપંચ ભલાભાઈ ભરવાડ ના માર્ગદર્શન હેઠળ સમાજના અમુક વ્યક્તિઓ જઈને અંતિમ સંસ્કાર કરી તમામ ક્રિયાઓ માં થતો ખર્ચ સમાજના વિકાસમાં વાપરવાનું નક્કી કરેલ છે.

### મોડાસા સ્વદેશ જાગરણ મંચે

# જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી અનાજ વિતરણમાં બાકી રહેલ લાભર્થીઓને લાભ આપવા માંગ

અરવલ્લી બ્યુરો મોડાસા

સ્વદેશ જાગરણ મંચ ગાંધીનગર વિભાગની મોડાસા સ્વદેશ જાગરણ મંચ શાખાના નિલેશભાઈ જોશી અને નીતિન પંડ્યાએ દ્વારા અરવલ્લી જિલ્લા કલેકટર ને આવેદનપત્રા આપવામાં આવ્યું હતું આવેદનપત્રામાં જણાવ્યા અનુસાર કોરોના વાયરસની મહામારી ને લઈ લોકડાઉન ના સમય માં સરકાર દ્વારા એપીએલ-૧અને બીપીએલ કાર્ડ ધારકો ને વિના મૂલ્યે અનાજ આપવાની જાહેરાત કરવામાં આવી હતી જેમાં ૧૩ એપ્રિલ થી ૧૮ એપ્રિલ સુધી રેશન કાર્ડ ના છેલ્લા આંકડા મુજબ સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તે રીતે વિતરણ કરવામાં આવ્યું હતું.પરંતુ અમૂક પરિવારો એવા પણ હતા કે જેઓ મોડાસા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વાહન સુવિધા બંધ હોવાને કારણે અનાજ લઈ નથી શક્યા તેવા પરિવારો માટે ફરીથી અનાજ વિતરણ ની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ કરી હતી

યોજનાનો લાભ લાભાર્થીઓને મળ્યો ન હોવાથી સસ્તા અનાજની દુકાનોમાં અનાજનો જથ્થો વપરાયા વગરનો પડી રહ્યો હોવાનું જણાવ્યું હતું

# પાટણમાં સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા માટે શાકભાજીની લારીઓ માટે કરાઈ વ્યવસ્થા



માહિતી બ્યુરો પાટણ

પાટણ જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ભરપૂર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પાટણ જિલ્લામાં અત્યાર સુધી કુલ ૨૦ કોરોના પોઝિટીવ દર્દીઓ નોંધાયા છે. આ સંખ્યા વધે નહી એ માટે વહિવટી તંત્ર કટિબધ્ધ છે. જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓની ખરીદી માટે સવારે ૫ થી બપોરે ૧૨ વાગ્યાનો સમય રાખવામાં આવ્યો છે. ખાસ કરીને શાકભાજીની ખરીદી વખતે પાટણ શહેરના વિવિધ વિસ્તારોમાં લોકોની ભીડ એકઠી થાય છે અને સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાતું નથી. જેથી કોરોના સંક્રમણનો ભય રહેલો છે.

આ સમસ્યા નિવારવા માટે જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલની સૂચનાથી પ્રાંત અધિકારીશ્રી પાટણ અને નગરપાલિકાની ટીમ દ્વારા પાટણ શહેરમાં અલગ અલગ ૭ જગ્યાઓ એ લોકડાઉનના સમયગાળા દરમિયાન વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે શાકભાજી માર્કેટ માટે જગ્યાની ફાળવણી કરી છે. જયાં શહેરના શાકભાજી વેચનાર ફેરીયાઓ પોતાની લારી લઈને વેચાણ કરી શકશે. જેમાં શાકભાજી વેચનારાઓ વચ્ચે અને ગ્રાહકો વચ્ચે કોરોના સંક્રમણ અટકે તે માટે સોશિયલ ડિસ્ટન્સીગનું પૂરતું ધ્યાન રાખવામાં આવ્યું છે. આ વ્યવસ્થામાં જુદા જુદા ૭ મેદાનો પર શાકભાજી વેચવાની પ્રક્રિયા થશે અને નાગરિકો પણ પોતાના આજુબાજુના શાકમાર્કેટમાંથી શાકભાજી ખરીદી શકશે. નાગરિકોએ પોતાનું વાહન મેદાનની બહાર પાર્ક કરીને ખરીદી કરવાની રહેશે. લોકડાઉન માટેના તમામ અન્ય નિયમો અહીં લાગુ પડશે. આ માર્કેટમાં નગરપાલિકાના ૧૧ વોર્ડમાં ૨૨ કમિટી બનાવેલી છે. જે સુપરવિઝન કરશે. શહેરમાં અન્ય કોઈપણ જગ્યાએ આ સ્થળો સિવાય શાકભાજી વેચવા પર પ્રતિબંધ રહેશે. શાકભાજી વેચાણ માટે જે વૈકલ્પિક સાત સ્થળો નક્કી કરાયા છે એમાં ખાડિયા શોપિંગ સેન્ટરની બાજુમાં અને શ્યામા પ્રસાદ મુખર્જી હોલ સામેની જગ્યા તથા પ્રગતિ મેદાનની બાજુની જગ્યા, પદ્મનાભ ચાર રસ્તા પાસે બકુલ પાર્ટી પ્લોટની બાજુની ખુલ્લી જગ્યા, એમ.એન.હાઈસ્કૂલના ખુલ્લા ગ્રાઉન્ડવાળી જગ્યા, પશુપાલન કચેરીની સામેની જગ્યા, પાટણ પાંજરાપોળની ખેતરવાળી જગ્યા, ટી.પી.સ્કીમ નં.૧ ની નગરપાલિકાની જગ્યા, હારીજ રોડ પર ખોડિયાર નગર સોસાયટી બાજુની જગ્યા છે. અહીંથી આસપાસના રહીશો સવારે પાંચ થી બપોરે બાર વાગ્યા સુધી શાકભાજીની ખરીદી કરી શકશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ ખરીદી કરતી વખતે ચહેરા પર માસ્ક લગાવવો અને સોશિયલ ડિસ્ટન્સીગનું પાલન કરવું ફરજિયાત છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.